# લીલાવતી હૉસ્પિટલમાં અત્યાધુનિક ઑપરેશન થિયેટરની શરૂઆત



## નવું મૉડ્યુલર હાઇબ્રિડ ઑટી વિશ્વસ્તરીય સર્જિકલ સુવિધાઓથી સજ્જ

મુંબઈ, તા. ૧૬ : બાંદરાની લીલાવતી હૉસ્પિટલ ઍન્ડ રિસર્ચ સેન્ટરમાં એક અત્યાધુનિક ઑપરેશન થિયેટરનું ઉદ્‍ઘાટન તાજેતરમાં કરાયું છે. આ ઑપરેશન થિયેટરમાં નવી ટેક્નોલૉજીથી દરદીના ઑપરેશન વધુ સરળતાથી અને ચોકસાઈથી થઈ શકે છે. આ નવી અપગ્રેડ સુવિધામાં ઉત્તમ ટેકનૉલૉજી, ઝડપી અને ચોકસાઈથી સર્જરી તેમ જ દરદીની ઉચ્ચ સુરક્ષાના માપદંડ ઉમેરાયા છે. આ ઑપરેશન થિયેટરમાં નિષ્ણાત ડૉક્ટરો સરળતાથી દરદીની સહજતાથી સુરક્ષિત સર્જરી કરી શકે એવું હાઈબ્રિડ વાતાવરણ નિર્માણ કરાયું છે.

લીલાવતી હૉસ્પિટલના આ નવા ઑપરેશન થિયેટરમાં અત્યાધુનિક સર્જિકલ ટેક્નિક, ઉત્તમ દરદી નિયંત્રણ સિસ્ટમ, ચોકસાઈથી મોનિટરિંગ અને દરદીની ઉત્તમ સુરક્ષા જેવા વૈશ્વિક સર્જિકલ માપદંડોને ધ્યાનમાં લેવાયા છે. અત્યાધુનિક ઑપરેશન થિયેટરની શરૂઆત શહેરની આ જાણીતી હૉસ્પિટલમાં વિશ્વસ્તરીય સ્વાસ્થ્ય સુવિધાઓનો વધારો દર્શાવે છે.

મૉડ્યુલર ઑપરેશન થિયેટરમાં લેમિનાર ઍરફ્લો સિસ્ટમ, નવી એચઈપીએ ફિલ્ટ્રેશન સિસ્ટમ અને સર્જિકલ કન્ટ્રોલ પૅનલ (જેમાં ડિજિટલ વ્યૂઈંગ બૉક્સ સામેલ છે) મૂકવામાં આવી છે. એર્ગોનોમિક્સ અને ગતિશિલતામાં સુધારો, જગ્યાનો વધુ સારો ઉપયોગ થઈ શકે એ માટે નવી અપગ્રેટેડ એનેસ્થેસિયા સિસ્ટમ પણ મુકાઈ છે. આ ઉપરાંત મૉડ્યુલર ઑપરેશન થિયેટરમાં સેન્ટ્રલાઈઝ્ડ સીઓટુ (કાર્બન ડાયોક્સાઈડ) સિસ્ટમ પણ મુકાઈ છે, જે સર્જિકલ સહાયતાને સુવ્યવસ્થિત અને અધિક કુશળ બનાવે છે.